# જામનગરનો યુવાન મુંબઈ એરપોર્ટ પર છ કરોડના ગાંજા સાથે ઝડપાયો

જામનગર : જામનગરના એક શખ્સને છ કરોડ રૂપિયાની કિંમતનો છ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજાના જથ્થા સાથે મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ ઝડપી લીધો હતો. આ ઘટના બાદ કસ્ટમ અધિકારીઓએ વ્યાપક ડ્રગ નેટવર્કને બેંગકોકથી આવેલ જામનગરના યુવાન કે. એમ. ત્રિવેદી ની ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરી છે.

આ બાબતે કસ્ટમ્સ સૂત્રોના જણાવ્યા અનુસાર રવિવારે બેંગકોકથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ (સીએમએમઆઈ)એરપોર્ટ પર પહોંચ્યા બાદ કે.એમ.ત્રિવેદીને અટકાવવામાં આવ્યો હતો. તેના સામાનની તપાસ કરવામાં આવતા ૧૨ પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટમાંથી સેમ્પલ કાઢી તપાસ કરવામાં આવતા તે હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું પરીક્ષણમાં બહાર આવ્યું હતું.

અધિકારીઓએ જપ્ત કરેલ ગાંજા લીલારંગના સૂકા પાંદડાવાળા ગઠ્ઠાના સ્વરૂપમાં હતો. આ પદાર્થ પ્રતિબંધિત હોઈ એનડીપીએસ એકટની વિવિષ કલમો હેઠળ કે.એમ.ત્રિવેદી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્રિવેદીએ પોતે ટૂંકા સમયમાં જંગી કમિશનની લાલચે આ કૃત્ય કર્યું હોવાનું કબૂલ્યું હતું.

એજન્સીના અધીકારીઓ તપાસ કરી રહ્યા છે કે ત્રિવેદીને બેંગકોકમાં કોણે ડ્રગ્સ પૂરું પાડયું હતું, અને મુંબઈમાં આ કન્સાઈનમેન્ટ કોને મળવાનું હતું. આ ઉપરાંત ત્રિવેદી ભૂતકાળમાં આવી કોઈ પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો કે કેમ તેની પણ તપાસ હાથ ધરી છે. અધિકારીઓએ આ બાબતે જણાવ્યું હતું કે અત્યાર સુધી કરવામાં આવેલી પ્રાથમિક તપાસ અને આરોપી દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં અન્ય વ્યક્તિઓની સંડોવણીનો ખુલાસો થયો છે. આ કેસમાં તપાસ ખૂબ જ પ્રારંભિક તબક્કામાં હોવાથી આરોપીઓના મુખ્ય સહયોગીઓને ઓળખવા અને પકડવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે તેવું અધિકારીઓએ જણાવ્યું હતું.

## જયપુર આર્મી ડે પરેડમાં જામનગર એનસીસીના ચાર કેડેટ્સ સામેલ



જામનગર : ભારતીય થલસેનાના ગૌરવ અને સાહસને પ્રદર્શિત કરતી પરેડ આજે આર્મી ડેના રોજ જયપુર ખાતે ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી હતી.

આ આર્મીડિ પરેડમાં ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ-હરિયાણા - હિમાચલ તેમજ રાજસ્થાન એનસીસી ડાયરેક્ટરેટના કેડેટસે ભાગ લીધો હતો. જેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર અંતર્ગતના ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના તોલાણી કોમર્સ કોલેજ ભુજની ચાર કેડેટ્સે ગૌરવપૂર્ણ રીતે ભાગ લીધો હતો. સિનિયર અન્ડર ઓફિસર જાડેજા હીનાબા અનિરુદ્ધસિંહ , કેડેટ પ્રજાપતિ નિકિતા કરશનભાઈ, કેડેટ ગોસ્વામી નંદની સુરેશગીરી અને કેડેટ બાલિયા રિયા હિતેશભાઈ જયપુરની આર્મી ડે પરેડની ગૌરવપૂર્ણ ક્ષણોમાં સંમિલિત રહ્યા હતા. ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે આ તમામ કેડેટ્સને આર્મી ડે પરેડમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને રાષ્ટ્ર સેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## સલાયામાં સ્લમ વિસ્તારના બાળકોને પતંગ-દોરીનું વિતરણ





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ એલપીજી રાજકોટ વિભાગ તેમજ માતૃકૃપા ઈન્ડેન સલાયાના સંયુક્ત ઉપક્રમે સ્લમ વિસ્તારના બાળકોને સંક્રાંતિ નિમિતે પતંગ તેમજ દોરીઓનું વિતરણ કર્યું હતું.

પતંગો અને ફિરકીઓ મેળવી નાના બાળકોમાં ખુશી પ્રસરી હતી. બસ સ્ટેશન પાસે સ્લમ વિસ્તારના બહેનોને એલપીજી સેફ્ટી ક્લિનિક (સુરક્ષા શિબિર) યોજી હતી. જેમાં એલપીજીના નિયમોનુસાર ઉપયોગ વિશે તેમજ નળી અને અન્ય સુરક્ષાઓની માહિતી આઈઓસીના અધિકારીઓ દ્વારા બહેનોને આપી હતી. આ તકે આઇઓસીના રાજકોટ એલપીજીના ફિલ્ડ ઓફિસર અનિલ સોની તેમજ જામનગરના ફિલ્ડ ઓફિસર આશિષ મૌર્ય તથા સલાયા માતૃકૃપા ઈન્ડેનના માલિક ભરતભાઈ લાલ સાથે રહ્યા હતા.

## કાલાવડના મોટા ભાડુકિયામાં સોમનાથ મહાદેવના નવનિર્માણ માટે માત્ર ૧ કલાકમાં ૧.૧૦ કરોડના દાનની સરવાણી



જામનગર : કાલાવડ તાલુકાના નાનકડા એવા મોટા ભાડુકિયા ગામે મકરસંક્રાંતિના પાવન અવસરે ગ્રામ્ય એકતા અને શિવભક્તિનું એક વિરલ અને ઐતિહાસિક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગામની આસ્થાનું કેન્દ્ર એવું નદીના કિનારે વર્ષોથી અડીખમ ઊભેલું સોમનાથ મહાદેવનું મંદિર કાળક્રમે જર્જરિત થતાં, શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોમાં નવા મંદિરના નિર્માણ માટે પ્રબળ ઈચ્છાશક્તિ જાગૃત થઈ હતી. આ નેક ઈરાદા સાથે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે એક વિશેષ બેઠક અને સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગઈકાલ મકરસંક્રાંતિની સાંજે યોજાયેલા આ કાર્યક્રમમાં માત્ર ગામમાં વસતા લોકો જ નહીં, પરંતુ રોજગાર-ધંધાર્થે જામનગર, રાજકોટ, સુરત અને આસપાસના અન્ય શહેરોમાં સ્થાયી થયેલા મોટા ભાડુકિયા ગામના અનેક પરિવારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષો જૂના શિવાલય પ્રત્યેની આસ્થાએ તમામ ગ્રામજનોને એક તાંતણે બાંધી દીધા હતા, અને વાતાવરણમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

લેઉવા પટેલ સમાજ ખાતે યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં જાણે લક્ષ્મીજીની કૃપા અને મહાદેવના આશીર્વાદ એકસાથે વરસ્યા હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું. મંદિરના નવનિર્માણનો પ્રસ્તાવ મૂકતાની સાથે જ દાતાઓએ ઉદાર હાથે દાન આપવાની શરૂઆત કરી હતી. જોતજોતામાં, માત્ર એક જ કલાકના ટૂંકા ગાળામાં ગ્રામજનો દ્વારા રૂપિયા ૧ કરોડ ૧૦ લાખ જેવી માતબર રકમનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. એક નાનકડા ગામ દ્વારા આટલા ટૂંકા સમયમાં આટલી મોટી રકમ એકત્ર કરવી એ ગ્રામજનોનો સોમનાથ મહાદેવ પ્રત્યેનો અભૂતપૂર્વ સ્નેહ અને સમર્પણ દર્શાવે છે.

આ પ્રસંગે ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ શિવાલય માત્ર ઈમારત નથી પણ પેઢીઓથી ચાલી આવતી શ્રદ્ધાનું કેન્દ્ર છે. દાનની સરવાણી બાદ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ગ્રામજનો અને બહારગામથી આવેલા મહેમાનોએ સાથે મળીને સમૂહ ભોજન પ્રસાદ લીધો હતો, જેણે ગામની એકતા અને ભાઈચારાના દર્શન કરાવ્યા હતા.

## જામનગરમાં ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવડી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર ખાતે ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટ (દયાશંકર બ્રહ્મપુરી) માં તા. ૧૧/૦૧/૨૬ (રવિવાર) ના રોજ શ્રી સરસ્વતી સન્માન સમારોહ તથા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં જ્ઞાતિના બાલમંદિરથી ઉચ્ચ અભ્યાસ સુધીના વિદ્યાર્થીઓનેરોકડ પુરસ્કાર તથા ગીફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી અતુલભાઈ મ્હેતા, ઉપપ્રમુખ શ્રી જનાર્દનભાઈ રાવલ, મંત્રી શ્રી મહેશભાઈ રાવલ તથા કારોબારી સદસ્યો સાથે

શિક્ષણ પ્રમુખ ભવનીશભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ દક્ષાબેન ત્રિવેદી મંત્રી કમલભાઈ પંડ્યા અને સહમંત્રી હેતલબેન ત્રિવેદી તથા શિક્ષણ સમિતિના હોદેદારો તથા જ્ઞાતિના દાતાશ્રીઓના વરદ્ હસ્તે પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમણે ઉચ્ચતમ ગુણો પ્રાપ્ત કર્યા તેમને ગોલ્ડપ્લેટેડ સિલ્વર મેડલ તથા તેમના માતા - પિતા ને ફૂલહાર અને શાલ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં આપણા આમંત્રણને માન આપી જગતગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અને જ્ઞાતિજનોને આશીર્વાદ આપ્યા હતા.

આ કાયૅક્રમનું સમગ્ર સંચાલન શિક્ષણ સમિતિના પ્રમુખ ભવનીશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતુ. કાયૅક્રમને સફળ બનાવવામાં હેતલબેન ત્રિવેદી, યશભાઇ દવે, ખુશીબેન રાવલ, શિવાનીબેન ભટ્ટ , નિખિલભાઈ આચાર્ય તથા મયુરભાઈ શુક્લ એ જહેમત ઉઠાવી હતી.

## જામજોધપૂરના ધારાસભ્ય દ્વારા યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પનો ૭૦૦ લોકોએ લીધો લાભ



જામનગર : જામજોધપુર-લાલપુર વિસ્તારના ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા જનતાના સ્વાસ્થ્યની સુખાકારી માટે જામજોધપુરના મોટાવડીયા ગામે અમૃતબેન વી. સવજાણી આશ્રમશાળામાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આસપાસના વિસ્તારના આશરે ૭૦૦ જેટલા જરૂરિયાતમંદ લોકોએ ઉપસ્થિત રહી નિષ્ણાત તબીબોની સેવાનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં જી. જી. હોસ્પિટલ જામનગર, સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ જામજોધપુર અને બેસ્ટ હિલ હોસ્પિટલ જામનગરના નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા જનરલ મેડિસિન, સર્જરી, ન્યુરો સર્જરી, સ્ત્રીરોગ, બાળરોગ તેમજ આંખ અને હાડકાના રોગોનું ઝીણવટભર્યું નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન દર્દીઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ, એક્સ-રે અને લેબોરેટરી રિપોર્ટ જેવી સુવિધાઓ પણ સ્થળ પર જ પૂરી પાડવામાં આવી હતી.

આ કેમ્પમાં આવેલા તમામ દર્દીઓ અને તેમના પરિજનો માટે ધારાસભ્ય દ્વારા ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ આ તકે જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સુવિધાઓ પહોંચે તે અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે. કેમ્પને સફળ બનાવવા માટે સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

### ડી.કે.વી. કોલેજનું ગૌરવ : જાનવી પંડયા



જામનગર : મોરબી મુકામે તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ રાજ્યકક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગરની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જામનગરની વિદ્યાર્થીની જાનવી પંડ્યા એ એકપાત્રીય અભિનય સ્પર્ધા (અ વિભાગમાં) પ્રથમ નંબર મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા

## જામનગરમાં યોગ ટ્રેનિંગ બેચનો થશે પ્રારંભ : માનદ વેતન પણ મળશે

જામનગર : જામનગર શહેરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નવા યોગ ટ્રેનિંગ બેચનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જેમાં યોગાની સંપૂર્ણ ટ્રેનીગ આપવામાં આવશે, અને ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ માનદ વેતન પણ મળશે, તેવી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

જામનગર શહેરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનિંગ માટેના નવા બેચનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. જામનગરની સરદાર પટેલ સ્કૂલમાં યોગ ટ્રેનિંગ બેચનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જામનગર શહેરના યોગ કરવા ઈચ્છતા કોઈપણ નાગરિકો, શાળા-કોલેજમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓ કોલેજીયન યુવાનો ઉપરાંત શારીરિક રીતે ફીટ અને રસ ધરાવતા તમામ વ્યક્તિઓ આ યોગ ટ્રેનિંગ માં ભાગ લઈ શકે છે.

અંબર સિનેમાના પાછળના ભાગમાં સરદાર પટેલ સ્કૂલના ગ્રાઉન્ડમાં પ્રતિદિન સવારે બે બેચ તેમજ સાંજે બે બેચ યોજવામાં આવશે.

આ યોગ ટ્રેનિંગમાં જોડાવવા ઈચ્છતા કોઈપણ નાગરિકોને યોગની ટ્રેનિંગ અપાયા બાદ માનદ વેતન પણ આપવામાં આવશે. જેમાં જોડાવા ઈચ્છતા વ્યક્તિઓએ જામનગર જિલ્લા યોગ બોર્ડના કોઓર્ડીનેટર હર્ષિતા મહેતા (૮૮૪૯૮૧૫૫૧૦)નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

## જામનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વામિ વિવેકાનંદની પ્રતિમાની ફુલહાર અર્પણ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ૧૨મી જાન્યુઆરી એટલે કે રાષ્ટ્રીય યુવા દિવસ. દર વર્ષે આ દિવસે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવવામાં આવે છે. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ જામનગર મહાનગર દ્વારા ડી.કે.વી. સર્કલ ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવ્યો હતો.

યુવા દિવસ આપણને યાદ અપાવે છે કે, સફળતા સુવિધા દ્વારા નહીં પરંતુ સંઘર્ષ અને શિસ્ત દ્વારા પ્રાપ્ત થાય છે સ્વામિ વિવેકાનંદે યુવાનોને આરામનો નહીં, શક્તિનો સંદેશ આપ્યો હતો. ત્યારે વિશ્ર્વ હિન્દુ પરિષદ પણ યુવાનોને રાષ્ટ્ર કેન્દ્રીત વિચારસરણી અપનાવવા આહવાન કરે છે.

આ તકે હિન્દુ પરિષદ જામનગર મહાનગર અધ્યક્ષ વિજયભાઈ બાબરીયા, ગ્રામ્ય અધ્યક્ષ રમેશભાઈ તારપરા, જામનગર વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલિયા, વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ સુબ્રમણ્યમભાઈ પિલ્લે, મહાનગર ઉપાધ્યક્ષ હેમંતસિંહ જાડેજા, સહમંત્રી વિજયભાઈ વોરા, બજરંગદળ મહાનગર સંયોજક ભગીરથસિંહ વાળા, બ્રિજેશભાઈ જેઠવા, સૌરાષ્ટ્ર પ્રાંત દુર્ગાવાહિની ટોળી સદસ્ય કૃપાબેન લાલ, સત્સંગ પ્રમુખ પ્રફુલ્લાબેન અગ્રાવત, માતૃશકિત સહ સંયોજીકા ભાવનાબેન ગઢવી, સ્વરૂપબા જાડેજા, યાશિકાબેન પરમાર સહિતના અધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## બાલંભા ખાતે જિલ્લા સહકારી બેંકની નવનિર્મિત ઈમારત એમ.ડી.ના હસ્તે ખુલ્લી મુકાઈ



જામનગર : જામનગર જીલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામમાં ઘણાં વર્ષોથી જીલ્લા સહકારી બેંકની શાખા આવેલી છે. થોડા વર્ષો પહેલાં આ બેંકનું બીલ્ડીગ જર્જરીત થઈ ગયું હતું, જેના કારણે બેંકને અન્ય જગ્યાએ ભાડાના મકાનમાં ફેરવવી પડી હતી. હાલમાં બેંકની જગ્યાએ નવું બીલ્ડીગ બની જતાં ગત તા.૬ મંગળવારના રોજ આ નવી સુવિધાપૂર્ણ ઈમારત ગ્રાહકો માટે બેંકના મેનેજીંગ ડાયરેકટર ધરમશીભાઈ ચનીયારાના હસ્તે ખુલ્લી મુક્વામાં આવી હતી.

બેંકના ભવિષ્યના આયોજન ટેકનોલોજી આધારીત નવિનીકરણ ડીજીટલ સેવાઓ અને તેમના કાર્યકાળ દરમ્યાન થયેલ થાપણ વૃધ્ધિ સહિત બેંક દ્વારા થયેલ તમામ સુવિધાઓ અને બેંક વધુને વધુ આર્થિક રીતે મજબુત બને તે અંગેના તેમના અથાગ પ્રયાસો વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કર્યા હતાં અને બાલંભા શાખાની ડીપોઝીટ વધારવા બદલ શાખાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતાં અને ત્યારબાદ કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલય દ્વારા ચલાવવામાં આવેલ સહકાર સે સમૃધ્ધિની વિવિધ અને સહકાર ક્ષેત્રે ભારત રાષ્ટ્રના વડાપ્રધાન નરેન્ભાઈ મોદી તેમજ કેન્દ્રીય સહકાર મંત્રી અમીતભાઈ શાહ તથા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, રાજયના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ અને પૂર્વ સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના સાંસદ પૂનમબેન માડમ અને ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લી.ના ચેરમેન અજયભાઈ પટેલના સહયોગ દ્વારા આ જનસેવાના ભગીરથ કાર્યો માટે ગ્રામજનો અને સભાસદોને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

બાલંભા શાખાની નવી ઈમારત ખુલ્લી મુક્વાના બદલે આ પંથકના જ આગેવાન અને બેંકના એમડી ધરમશીભાઈ ચનીયારાના હસ્તે ખુલ્લી મુક્વામાં આવી રહી છે અને બેંકની તમામ સેવાઓ છેવાડાના ગામડાના ખેડુત સભાસદોને મળી રહે તે માટે બેંક દ્વારા ૪૦૦ જેટલા માઈક્રો એટીએમ પણ આપવામાં આવેલ છે. જેથી સભાસદોને બેંક સુધી આવવું ના પડે અને તમામ બેંકીગ સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. બેંકની બાલંભા શાખામાં ૩૭ કરોડથી વધુની થાપણો સાથે રૂા.૧૦ કરોડથી વધુનું ધિરાણ આપવામાં આવ્યું છે જે પૈકી ન્યુનતમ વ્યાજ દર હેઠળનું ધીરાણ ૫૧ ટકા છે અને આ શાખાનો ગત નાણાંકિય વર્ષનો નફો ૯૨ લાખ થયો હતો. આ તકે બેન્કના ડાયરેકટર જીવણભાઈ કુંભરવડીયા, જોડીયા તાલુકા ભાજપ પ્રમુખ જયસુખભાઈ પરમાર, જોડીયા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ભરતભાઈ દલસાણીયા, સહકારી આગેવાનો જેઠાભાઈ અઘેરા, કિશોરભાઈ મઢવી, હાતીમભાઈ ત્રિવેદી, બાલંભા મંડળીના પ્રમુખ દિલીપભાઈ રામપરીયા, જામસર મંડળીના પ્રમુખ અમરશીભાઈ ગાંગાણી, શામપર અને માધાપર મંડળીના પ્રમુખ હસમુખભાઈ રાઠોડ અને ધ્રોલના અગ્રણી ધારાશાસ્ત્રી ભાવિનભાઈ અનડકટ તેમજ જોડીયા તાલુકાની મંડળીના પ્રમુખો - મંત્રીઓ સહિતના આગેવાનો અને બાલંભા શાખાના મેનેજર ભગીરથસિંહ જાડેજા અને બેંકના ઓફીસરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમની આભાર વિધિ બેંકના ચીફ એકઝીક્યુટીવ ઓફીસર ડો. મૌનિલ હાથીએ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન બેંકના જનરલ મેનેજર અલ્પેશ મોલિયા દ્વારા કરાયેલ હતું.

## સલાયામા જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણ



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા જલારામા મંદિર અને માતૃકૃપા ઈન્ડેન પરિવારના ભરતભાઈ લાલના સંયુક્ત આર્થિક સહયોગથી ૨૦ જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી સામગ્રીની કીટ જેમાં કપાસિયા તેલ ૧ લીટર,ખાંડ,ગોળ,ખીચડી,ચા,ટૂથપેસ્ટ, સાબુ,પાવડર જેવી રોજિંદી જિંદગીમાં અતિ ઉપયોગી ચીજ વસ્તુઓ આવી ૨૦ કીટ તૈયાર કરી અને સલાયા તથા આજુબાજુના વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારોને સંક્રાંતિ નિમિતે અર્પણ કરાઈ હતી.